# વિભાગ - 2
# (SOCIAL SCIENCE)

**76.** નાલંદા વિદ્યાપીઠ કોના શાસનમાં સ્થપાઈ અને વિખ્યાત થઈ ?

જવાબ : સમ્રાટ હર્ષવર્ધન

**77.** મુગલ સલ્તનતની સ્થાપના કયા યુદ્ધ બાદ થઈ ?

જવાબ : 1526 નું પાણીપતનું યુદ્ધ

**78.** ઈ.સ. 1764 માં લડાયેલ બસકરની લડાઈનું મહત્વ નીચે પૈકી કયા કારણે છે ?

જવાબ : આ યુદ્ધ બાદ ઈસ્ટ ઈન્ડિયા કંપની વેપાર કરવાના બદલે રાજકીય ક્ષેત્રે હસ્તક્ષેપ કરી સત્તા હાંસલ કરી.

**79.** ભારતમાં પ્રથમ રેલ્વે ક્યારે નંખાઈ ?

જવાબ : 1853

**80.** ભારતમાં પ્રથમ ત્રણ યુનિવર્સિટી ક્યાં અને ક્યારે શરૂ થઈ ?

જવાબ : ઈ.સ. 1857 - મુંબઈ, ચેન્નાઈ, કલકત્તા

**81.** ભારતમાં અંગ્રેજી કેળવણી આપતી શિક્ષણપદ્ધતિના પુરસ્કર્તા નીચે પૈકી કોણ હતાં ?

જવાબ : લૉર્ડ મેકોલે

**82.** 1857ના બળવા પછી કોને હિંદના સમ્રાટ તરીકે જાહેર કરેલ ?

જવાબ : બહાદુરશાહ ઝફર

**83.** સંયુક્ત રાષ્ટ્ર સંઘ (U.N.O.) ની રચના ક્યારે થઈ અને તેનો હેતુ શો છે ?

જવાબ : 24-10-1945 માં, રાષ્ટ્રો વચ્ચે યુદ્ધની સ્થિતિ નિવારવા.

**84.** બંગાળના ભાગલા ક્યારે, કોણે કરેલ અને હેતુ શો હતો ?

જવાબ : 1905 માં, લોર્ડ કર્ઝને - દેશની જાગ્રત બંગાળી પ્રજાની હિન્દુ-મુસ્લિમ એકતા તોડવાનો.

**85.** ગાંધીજી ભારતમાં વિદેશના કયા દેશમાંથી ક્યારે પરત ફર્યા ?

જવાબ : 1915 માં દક્ષિણ આફ્રિકાથી

**86.** અસહકારનું આંદોલન ક્યારે થયેલ અને તેનો હેતુ શો હતો ?

જવાબ : 1920-22 - સ્વશાશનને બદલે સ્વરાજ મેળવવાનો હેતુ

**87.** રોલેટ ઍક્ટ ક્યારે અમલી બનેલ અને તે કાળો કાયદો તરીકે કેમ ઓળખાય છે ?

જવાબ : ઈ.સ. 1919 માં અમલી બનેલ, તેમાં કોઈપણ શંકાસ્પદ વ્યક્તિને ધરપકડ કરી, મુકદમો ચલાવ્યા સિવાય દિવસો સુધી જેલમાં પુરવાની જોગવાઈ હતી.

**88.** હિન્દ છોડોની ચળવળ ક્યારે, ક્યાં શરૂ થઈ અને તેમાં કયું સૂત્ર આપ્યું ?

જવાબ : 1942 માં, મુંબઈની ગોવાળિયા ટેંક મેદાનમાં - કરેંગે યા મરેંગે

**89.** નીચે પૈકી કયા સુધારા લૉર્ડ વિલિયમ બેન્ટિકના સુધારાઓમાં નથી ?

જવાબ : લાંચ ઋશ્વત કે ભેટ-સોગાદો સ્વીકારવાની મનાઈ ફરમાવી.

**90.** પ્રથમ વિશ્વયુદ્ધનો ગાળો કયો હતો ?

જવાબ : 1914 થી 1918

**91.** પૃથ્વીના કોઈપણ ભાગના સપાટ કાગળ પરના આલેખને નીચે પૈકી કયા નામે ઓળખવામાં આવે છે ?

જવાબ : નકશો (Map)

**92.** પૃથ્વીના ગોળા ઉપરની ઉભી રેખાઓને શું કહે છે ?

જવાબ : રેખાંશવૃત્ત

**93.** પૃથ્વી પર કેટલા ખંડ, કેટલા મહાસાગર અને કેટલા કટિબંધ આવેલા છે ?

જવાબ : સાત ખંડ, ચાર મહાસાગર અને ત્રણ કટિબંધ

**94.** ખજૂરાહોનું મંદિર કયા રાજ્યમાં આવેલું છે ?

જવાબ : મધ્યપ્રદેશ

**95.** ગુજરાતને અડીને કયા કેન્દ્રશાશિત પ્રદેશ આવેલા છે ?

જવાબ : દમણ, દીવ, દાદરાનગર હવેલી

**96.** આંતરરાષ્ટ્રિય દિનાંક રેખા ઓળંગતા નીચે પૈકી શું બદલાય છે ?

જવાબ : તારીખ

**97.** દેશના મધ્ય ભાગમાં આવેલ કોઈ સ્થળના સ્થાનિક સમયને આખા દેશ માટેના સમયને કયા નામે ઓળખવામાં આવે છે ?

જવાબ : પ્રમાણ સમય

**98.** ભૂ-સપાટીના નબળા ખડક સ્તરોમાં પડેલ ફાટ કે છિદ્રને કયા નામે ઓળખાય છે ?

જવાબ : જ્વાળામુખી

**99.** ડેન્માર્કની રાજધાની કઈ છે ?

જવાબ : કોપનહેગન

**100.** પેસિફિક મહાસાગરના પ્રવાહોમાં કયો પ્રવાહ ઠંડા પ્રવાહ તરીકે જાણીતો છે ?

જવાબ : હમ્બોલ્ટ

**101.** જંગલની પેદાશમાંથી બનાવવામાં આવતી વસ્તુઓના જોડકાં ગોઠવો.

| પેદાશ | બનાવટ |
|---|---|
| (1) દેવદાર | (P) ટર્પેન્ટાઈન |
| (2) ટીમરૂ | (Q) હોડી |
| (3) ચીડ | (R) દિવાસળી |
| (4) સુંદરી | (S) બીડી |

જવાબ : 1 - R, 2 - S, 3 - P, 4 - Q

**102.** કયું અભ્યારણ્ય રીંછ માટે નથી ?

જવાબ : પૂર્ણા

**103.** બનાસ, સાબરમતી, અને મહી નદી ઉપર ક્રમશઃ કયા બંધ આવેલા છે ?

જવાબ : દાંતીવાડા, ધરોઈ, કડાણા

**104.** અયોધ્યા, ગયા, ઉજ્જૈન, તથા બદરીનાથ નીચેનામાંથી ક્રમશઃ કઈ નદીઓના કીનારે વસેલા છે ?

જવાબ : સરયુ, ફલ્ગુ, ક્ષિપ્રા, અલકનંદા

**105.** નીચેના શહેરોને ઉત્તરથી દક્ષિણ તરફ ક્રમશઃ ગોઠવો.

(1) ગ્વાલિયર, (2) મથુરા, (3) ઓમકારેશ્વર, (4) ચંદીગઢ

જવાબ : 4 - 2 - 1 - 3

**106.** ભારતનું બંધારણ નીચે પૈકી કયા દિવસે અમલમાં આવ્યું ?

જવાબ : તા. 26-1-1950

107. ભારતીય બંધારણનો અંતરાત્મા નીચે પૈકી કોને ગણવામાં આવે છે ?

જવાબ : મૂળભૂત સિદ્ધાંતો

108. ભારતના બંધારણમાં 'સમાજવાદી', 'બિનસાંપ્રદાયિક' જેવા શબ્દો ક્યારે ઉમેરાયા ?

જવાબ : 1976 માં

109. 6 થી 4 વર્ષના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો કાયદો બંધારણના કયા ભાગને સ્પર્શે છે ?

જવાબ : રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

110. સંઘ જાહેર સેવા આયોગ દ્વારા કયા અધિકારીઓની ભરતી કરવામાં આવે છે ?

જવાબ : સંઘીય વહીવટી અધિકારીઓની

111. બંધારણનું અર્થઘટન કરવાની અને નાગરિકોના મૂળભૂત હક્કોનું રક્ષણ કરવાની અંતિમ સત્તા કઈ અદાલતને છે ?

જવાબ : સર્વોચ્ચ અદાલત

112. ભારતના બંધારણમાં કઈ પક્ષપ્રથા લોકશાહી પદ્ધતિ સ્વિકારેલ છે ?

જવાબ : બહુપક્ષ

113. પંચાયતી રાજની સ્થાપના કયા વર્ષમાં થયેલ હતી ?

જવાબ : 1958

114. પંચવર્ષીય યોજનાની શરૂઆત ક્યારથી કરવામાં આવી ?

જવાબ : 1951

115. જમીન સુધારણા કાર્યક્રમનું મુખ્ય હાર્દ શું છે ?

જવાબ : ખેડે તેની જમીન

116. ભારતીય અર્થતંત્રમાં ઉદારીકરણ અને વૈશ્વિકરણની શરૂઆત કયરાથી થઈ ?

જવાબ : 1991

117. ભારતના બંધારણમાં લોકશાહીનાં કયા સ્વરૂપનો સ્વિકાર થયેલ છે ?

જવાબ : સંસદીય લોકશાહી

118. લોકસભાના ગૃહનું સંચાલન કરનારને નીચે પૈકી કયા નામે ઓળખવામાં આવે છે ?

જવાબ : અધ્યક્ષ

119. કયા રાષ્ટ્રપતિએ રાષ્ટ્રપતિ પૂર્વે લોકસભાના અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળેલ હતો ?

જવાબ : શ્રી નીલમ સંજીવ રેડ્ડી

120. રાજ્યસભાના સભ્ય બનાવ માટેની નક્કી કરવામાં આવેલી યોગ્યતામાં નીચે પૈકી કોનો સમાવેશ થતો નથી ?

જવાબ : લોકસભા કે વિધાનસભાનું સભ્યપદ ધરાવતો હોવો જોઈએ.

121. 'અર્થશાસ્ત્ર એટલે સંપત્તિનું શાસ્ત્ર' એ મત કયા અર્થશાસ્ત્રીનો છે ?

જવાબ : એડમ સ્મિથ

122. તૃષ્ટિગુણ એટલે શું ?

જવાબ : વસ્તુ અને સેવામાં રહેલ વ્યક્તિની જરૂરિયાતો સંતોષવાનો ગુણ

123. બજેટ રેખા એટલે શું ?

જવાબ : આવેલી આવક વડે ગ્રાહક ખરીદી શકે તેવા સંયોજનો દર્શાવતી રેખા

124. માંગનો અર્થ નીચે પૈકી કયો સાચો છે ?

જવાબ : ચોક્કસ કિંમતે, ચોક્કસ સમયગાળા દરમિયાન કોઈ વસ્તુ કે સેવા ખરીદવાની ઈચ્છાશક્તિ હોવી.

125. ગિફન વસ્તુઓ એટલે ?

જવાબ : કિંમત ઘટે છતાં માંગ ઘટે

126. નીચે પૈકી પુરવઠાનો કયો અર્થ સાચો છે ?

જવાબ : ઉત્પાદકો દ્વારા ઉત્પાદિત થતા એકમમાંથી વેચાણ માટે મુકાતા એકમો

127. અસ્થિર ખર્ચ એટલે શું ?

જવાબ : અહીં દર્શાવેલ બધાં જ

128. બજારનો અર્થ શું ?

જવાબ : ચીજવસ્તુઓ અને સેવાઓની ખરીદી અને વેચાણની વ્યવસ્થા

129. ઈજારાની સ્થિતિમાં શું હોય છે ?

જવાબ : હરિફાઈનો અભાવ

130. ઉત્પાદનના કયા સાધનોનો ક્રમ યોગ્ય છે ?

જવાબ : જમીન - મૂડી - શ્રમ - નિયોજક

131. સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર - એક 'નૂતન અર્થશાસ્ત્ર' નો અભિગમ કોણે પ્રચલિત કર્યો ?

જવાબ : લૉર્ડ કેઈન્સ

132. રાષ્ટ્રિય આવક એટલે શું ?

જવાબ : દેશનું એક વર્ષના સમયગાળા દરમિયાન ઉપયોગમાં લઈ શકાય તેવી તમામ વસ્તુઓ અને સેવાઓનું કુલ બજાર મૂલ્ય.

133. પ્રચ્છન્ન બેકારી શબ્દ પ્રયોજનનો અર્થ શું છે ?

જવાબ : વ્યક્તિ દેખિતી રીતે શ્રમકાર્યમાં રોકાયેલ હોય પરંતુ તે દ્વારા ઉત્પાદનમાં નજીવો શૂન્યવત વધારો થતો હોય

134. વસ્તુ વિનિમય પ્રથા એટલે શું ?

જવાબ : નાણાંની મધ્યસ્થી સિવાય એક વસ્તુનો બીજી વસ્તુ સાથેનો અદલો-બદલો

135. અંદાજપત્ર એટલે શું ?

જવાબ : સરકારના આગામી વર્ષના મહેસૂલી અને મુડી ખર્ચા તેમજ મહેસૂલી અને મૂડી આવકો અંગેનો અંદાજ

136. ભારતના નાગરિકને કેટલા વર્ષ પૂર્ણ થયા બાદ મતદાનનો અધિકાર મળે છે ?

જવાબ : 18 વર્ષ

137. ગુજરાતની પશ્ચિમમાં કયા મહાસાગર આવેલા છે ?

જવાબ : અરબસાગર

138. ગુજરાતનું હવાખાવાનું સ્થળ કયું છે ?

જવાબ : સાપુતારા

139. ગુજરાત વિધાનસભાના હાલના અધ્યક્ષ કોણ છે ?

જવાબ : શ્રી ગણપત વસાવા

140. રીઝર્વ બેંકના હાલના ગવર્નર કોણ છે ?

જવાબ : શ્રી ડી. સુબ્બારાવ

141. પૃથ્વીના વાતાવરણને ગરમ કરનારી 'ગ્રીન હાઉસ ઈફેક્ટ'ને કયા નામે ઓળખવામાં આવે છે ?

જવાબ : ગ્લોબલ વોર્મિંગ

**142.** રાણકીવાવ ગુજરાતના કયા જિલ્લામાં આવેલ છે ?

જવાબ : પાટણ

**143.** ગ્રિનિચ રેખા ક્યાંથી પસાર થાય છે ?

જવાબ : ઈંગ્લેન્ડ

**144.** રાજ્યના બંધારણીય વડાને શું કહે છે ?

જવાબ : રાજ્યપાલ

**145.** શ્રી અરવિંદ કેજરીવાલ કઈ સંસ્થા સાથે સંકળાયેલ છે ?

જવાબ : સિવિલ સોસાયટી

**146.** અમદાવાદ નજીક કયું સ્થળ 'ઓટો હબ' તરીકે વિકસી રહ્યું છે ?

જવાબ : સાણંદ

**147.** બેચલર ઑફ ઍલીમેન્ટરી ઍજ્યુકેશન માટે સંક્ષિપ્ત રૂપમાં કેવી રીતે લખાય ?

જવાબ : **B.El.Ed.**

**148.** હેરી પૉટરના લેખ કોણ છે ?

જવાબ : જે. કે. રોલિંગ

**149.** આગામી લોકસભાની ચુંટણી નીચે પૈકી કયા વર્ષમાં યોજાશે ?

જવાબ : **2014**

**150.** સ્વ. સ્ટીવ જોબ્સ છેલ્લે કઈ કંપની સાથે સંકળાયેલા હતાં ?

જવાબ : એપલ

● ● ●